Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

ચૈત્ર ચૈત્ર



અંક ૬ પુસ્તક ૯૪

સંવત ૨૦૩૪ તા. ૭ મી મે ૧૯૭૮

: પ્રગટ :

: શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**શ્રી જૈન ધર્મ પ્રકાશ** : વર્ષ ૯૭ મું : વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત ૬-૫૦

## —: अनुक्रमणिका :—


| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧ | સચ્ચિદાનંદ પાયની | મોહન 'રત્નેશ' બાડમેર | ૩ |
| ૨ | શ્રી જૈન રામાયણ | શ્રી ત્રિષષ્ટિશલાકા ચરિત્રમાંથી | ૪ |
| ૩ | શંખેશ્વરા પાર્શ્વનાથ | શરણાર્થી | ૬ |
| ૪ | શ્રમણ ભગવાન મહાવીર | વિજયધર્મસૂરીશ્વરજી | ૭ |
| ૫ | સંત-વાણી | રતીલાલ માણેકચંદ શાહ | ૮ |
| ૬ | ભ. મ. સ્વામીનું જન્મ કલ્યાણ | પં. પુર્ણાનંદવિજય | ૧૦ |
| ૭ | કર્પુર સૌરભ | અમરચંદ માવજી શાહ | ૧૧ |
| ૮ | જૈન સાહિત્યના સર્વોત્તિમ ગ્રન્થો | પ્રો. હીરાલાલ ર. કાપડીયા | ૧૨ |
| ૯ | જૈન સતા અને જૈન સતીઓ | સ્વ. વકીલ ડાયાભાઈ મોતીચંદ | ૧૪ |
| ૧૦ | અક્ષય તૃતિયા-વ. પારણા પ્રસંગ | અમરચંદ માવજી શાહ | ૧૬ |



**ચોરાણુ વર્ષથી નિયમિત પ્રગટ થતું જૈન સમાજનું જુનામાં જુનું ધાર્મીક નૈતિક માસિક**

## "જૈન ધર્મ પ્રકાશ"

જેમાં તત્વજ્ઞાન, ધર્મકથા, ભકિતપ્રધાન રસ સામગ્રી રજુ કરવામાં આવે છે. આપ તેમાં આપના ધંધાના વધુ વિકાસ અર્થે જાહેર ખબર આપો—


**અમારા જાહેર ખબરના દર નીચે મુજબ છે :**

| | | |
|---|---|---|
| ટાઈટલ પેજ (છેલ્લુ) ચોથુ આખુ પાનુ એક વખતના | રૂા. | ૧૦૦-૦૦ |
| ટાઇટલ પેજ નં ૨ અથવા નં. ૩ આખુ પાનુ | રૂા. | ૭૫-૦૦ |
| અંદરનું આખુ પાનું | રૂા. | ૫૦-૦૦ |
| અંદરનું અર્ધું પાનુ | રૂા. | ૩૦-૦૦ |
| અંદરનું પા પાનું | રૂા. | ૨૦-૦૦ |


તા ક. અમારો આગામી અંક તા. ૭-૬-૭૮ નાં રોજ પ્રસીદ્ધ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૪મું
અંક ૬

ચૈત્ર

વીર સં. ૨૫૦૨
વિક્રમ સં. ૨૦૩૪

# સચ્ચિદાનંદ પાયની

જગતમાં અરે માનવ કાં ભૂલ્યો ભમો છે.

તમારા ઘર બાર ધન નથી. કાં લલચાવે તમે મનને
એવી જગતમાં કોઇ કોઈ તું નથી બધાહી સ્વાર્થનાં સગા છે.
જગમાં કોઈ આપણે શત્રુ નથી. નથી કોઈ દોસ્ત બધુ

જગતમાં અરે માનવ કાં ભૂલ્યો ભમો છે.

આત્માનાં અનંત જ્ઞાનથી શુદ્ધ કરાવી અને કષાયથી
વિષય વિકારના હટાયોની અનંત આનંદ સચ્ચિદાનંદ
સુખ અનંત, દર્શન પાયની તે તમારા સચ્ચા વરદાન છે.

જગતમાં અરે માનવ કાં ભૂલ્યો ભમો છે.

મોહન 'રત્નેશ' બાડમેર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) **શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાં**

પુત્રીને માટે સ્વેચ્છાથી વર ગ્રહણ કરાય છે, બીજાની ઇચ્છા પ્રમાણે ગ્રહણ કરાતો નથી; પણ મારે તો દૈવયોગે બીજાની ઇચ્છા પ્રમાણે વર ગ્રહણ કરવાનો વખત આવ્યો છે. બીજાની ઇચ્છાથી પ્રતિજ્ઞા કરેલ આ ધનુષ્યનું આરોપણ જો રામ કરી શકે નહિ અને બીજો કરે તો જરૂર મારી પુત્રીને અનિષ્ટ વરની પ્રાપ્તિ થાય; માટે હવે શું કરવું?" વિદેહાનો આવો વિલાપ સાંભળી જનકરાજા બોલ્યો કે– હે દેવી! તેમ ભય પામો નહિ મેં એ રામનું બળ જોયેલું છે. આ ધનુષ્ય તેને માટે એક લતા જેવું છે.'

વિદેહાને એવી સમજાવી જનકે બીજે દિવસે પ્રભાતમાં માંચાઓથી મંડિત એવા મંડપમાં તે બંને ધનુષ્યરત્નને પૂજા કરીને સ્થાપન કર્યાં સીતાના સ્વયંવરને માટે જનક રાજાએ બોલાવેલા વિદ્યાધરોના અને મનુષ્યોના રાજાઓ આવી આવીને માંચા ઉપર બેઠા. પછી જાનકી દિવ્ય અલંકારોને ધારણ કરીને સખીઓથી પરવરી સતી જાણે ભૂમિ પર ચાલતી દેવી હોય તેમ તે મંડપમાં આવી લોકોનાં નેત્રને અમૃતની સરિતા જેવી તે જાનકી રામને મનમાં ધારી ધનુષ્યની પૂજા કરીને ત્યાં ઉભી રહી. નારદના કહેવા પ્રમાણે જ તે સીતાના રૂપને જોઇને કુમાર ભામંડલને કામદેવ પ્રહાર કરવા લાગ્યો. તે વખતે જનકના એક દ્વારપાલે ઊંચા હાથ કરી કહ્યું કે–'સર્વ ખેચરો અને પૃથ્વીચારી રાજાઓ! તમોને જનક રાજા સૂચવે છે કે જે આ બે ધનુષ્યમાંથી એક ધનુષ્યને ચઢાવે તે મારી પુત્રીને પરણે' આ પ્રમાણે સાંભળી પરાક્રમી ખેચરો અને ભૂચર રાજાઓ ધનુષ્ય ચઢાવવા માટે ધનુષ્યની પાસે એક પછી એક આવવા લાગ્યા; પરંતુ ભયંકર સર્પોથી વીંટાયેલા અને તીવ્ર તેજવાળા તે બંને ધનુષ્યનો સ્પર્શ કરવાને પણ કોઇ સમર્થ થઈ શકયાં નહિ, તો ચઢાવવાની તો વાત જ શી કરવી! ધનુષ્યમાંથી નીકળતા તણખાની અનેક જવાળાઓથી દગ્ધ થયેલા તેઓ લજ્જાથી અધોમુખ થઇને પાછા નિવૃત્ત થતા હતા. પછી જેના કાંચનમય કુંડલ ચલાયમાન થઇ રહ્યા છે એવા દશરથકુમાર રામ ગજેન્દ્રની લીલાએ ગમન કરતાં તે ધનુષ્યની પાસે આવ્યા. તે સમયે ચંદ્રગતિ વિગેરે રાજાઓએ ઉપહાસ્યથી અને જનકે શંકાથી જોયેલા લક્ષ્મણના જયેષ્ઠ બંધુ રામે નિશંકપણે વજ્રને ઇંદ્ર સ્પર્શ કરે તેમ જેની ઉપરથી સર્પ અને અગ્નિજવાળા શાંત થઈ ગયેલ છે એવા વજ્રાવર્ત્ત ધનુષ્યના કરવડે સ્પર્શ કર્યો. પછી ધનુષ્યધારીઓમાં શ્રેષ્ઠ એવા રામે લોઢાની પીઠ ઉપર રાખી બરૂની જેમ નમાવીને તે ધનુષ્યને પણચ ઉપર ચઢાવ્યું, અને તેને કાન સુધી સુધી ખેંચીને એવું આસ્કાલન કર્યું કે જેથી પોતાની કીર્તિના પટહ જેવું તે ધનુષ્ય શબ્દથી ભૂમિ અને અંતરીક્ષના ઉદરને પૂર્ણ કરતું ગાજી ઉઠયું તત્કાળ સીતાએ સ્વયમેવ રામના કંઠમાં સ્વયંવરમાળા નાંખી અને રામે ધનુષ્ય ઉપરથી પણચને ઉતારી નાખી પછી લક્ષ્મણે પણ રામની આજ્ઞાથી તત્કાળ અર્ણવાવર્ત્ત ધનુષ્ય ચઢાવ્યું, તેને લોકો વિસ્મયથી જોઈ રહ્યા. તેનું આસ્કાલન કરતાં તેણે નાદથી દિશાઓના મુખને બધિર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી નાંખ્યા પછી પણચને ઉતારીને તેને પાછું તેના સ્થાન પર મૂકી દીધું. તે વખતે ચકિત અને વિસ્મિત થયેલા વિદ્યાધરોએ દેવકન્યા જેવી અદ્ભુત પોતાની અઢાર કન્યાઓ લક્ષ્મણને આપી. ચંદ્રગતિ વિગેરે વિદ્યાધરોના રાજાઓ વિલખા મુખવાળા થઈને તપી ગયેલા ભામંડલ સહિત પોતપોતાને સ્થાનકે ગયા

જનક રાજાએ મોકલેલા સદેશાથી તત્કાળ દશરથ રાજા ત્યાં આવ્યા અને રામ તથા સીતાનો મોટા ઉત્સાહથી વિવાહ કર્યો જનક રાજાના ભાઈ કનકે સુપ્રભા રાણીના ઉદરથી ઉત્પન્ન થયેલી ભદ્રા નામની પુત્રી ભરતને આપી પછી દશરથ, પુત્રો અને વધુઓની સાથે નગરજનો, જેમાં ઉત્સવ કરી રહ્યા એવી અયોધ્યા નગરીમાં આવ્યા.

એકદા દશરથ રાજાએ મોટી સમૃદ્ધિથી ચૈત્યમહોત્સવ અને શાંતિસ્નાત્ર કરાવ્યાં પછી રાજાએ સ્નાત્રજળ અંતઃપુરના અધિકારી વૃદ્ધ પુરૂષની સાથે પ્રથમ પોતાની પટ્ટરાણીને મોકલ્યું અને પછી દાસીએ દ્વારા બીજી રાણીઓને સ્નાત્રજળ મોકલાવ્યું. યૌવનવયને લીધે શીઘ્ર ચાલનારી દાસીઓએ ઉતાવળે આવીને બીજી રાણીઓને સ્નાત્રજળ પહોંચાડયું એટલે તેમણે તત્કાળ તેને વંદન કર્યું, પેલો અંતઃપુરનો અધિકારી વૃદ્ધપણાને લીધે શનિની જેમ મંદ મંદ ચાલતો હતો તેથી પટ્ટરાણીને સ્નાત્રજળ તરત મળ્યું નહીં એટલે તે વિચારવા લાગી કે—'રાજાએ બધી રાણીઓ ઉપર જિનેદ્રનુ સ્નાત્રજળ મોકલીને પ્રસાદ કર્યો અને હું પટ્ટરાણી છતાં મને મોકલાવ્યું નહિ; માટે મારા જેવી મંદભાગ્યાને જીવીને શું કરવું છે? માનનો ધ્વંસ થયા છતાં જીવવું તે મરણથી પણ વિશેષ દુઃખરૂપ છે' આ પ્રમાણે વિચારી મરવાનો નિશ્ચય કરીને એ મનસ્વિનીએ અંદરના ખંડમા વસ્ત્રવડે ફાંસો ખાવાનો આરંભ કર્યો તેટલામાં રાજા દશરથ ત્યાં આવી ચડયા તેને તેવી સ્થિતિમાં જોઈ, તેના મરણોન્મુખપણાથી ભય પામી રાજાએ તેને ઉત્સંગમાં બેસારીને પૂછ્યું કે–'પ્રિયા! શું અપમાન થવાથી તેં આવું દુસાહસ આરભ્યું છે? દૈવયોગે મારાથી તો કાંઇ તારું અપમાન નથી થયું? તે ગદ્ગદ્ સ્વરે બોલી કે–'તમે બધી રાણીઓને જિનસ્નાત્રનું જળ મોકલાવ્યું અને મારા માટે મોકલાવ્યું નહિ' આ પ્રમાણે તે કહેતી હતી તેટલામાં પેલો વૃદ્ધ કંચુકી 'આ સ્નાત્રજળ રાજાએ મોકલાવ્યું છે' એમ બોલતો ત્યાં આવ્યો રાજાએ તે પવિત્ર જળથી તરત જ પટ્ટરાણીના મસ્તક પર અભિસિંચન કર્યું. પછી તે કંચુકીને રાજાએ પૂછ્યું કે–'તું આટલો મોડો કેમ આવ્યો? કંચુકી બોલ્યો–'સ્વામી! સર્વ કાર્યમાં અસમર્થ એવી મારી વૃદ્ધાવસ્થાનો જ આમાં અપરાધ છે. આપ સ્વયમેવ મારી સામું જુઓ.' રાજાએ તેની સામે જોયું તો તે મરવાને ઇચ્છતો હોય તેમ પગલે પગલે સ્ખલિત થતો હતો, મુખમાંથી લાળ પડતી હતી, દાંત પડી ગયા હતા. મુખ ઉપર વળીયા પડયા હતા, સર્વ અંગમાં શ્વેત રોમ થઈ ગયા હતા ભ્રગુટીના વાળથી નેત્ર ઢંકાઈ ગયા, માંસ અને રુધિર સુકાઇ ગયા હતાં, અને સર્વ અંગ ધ્રૂજતા હતા આવા તે કંચુકીને જોઈને રાજાને વિચાર થયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંખેશ્વરા પાર્શ્વનાથ

લેખક : શરણાર્થી

એ તો બધા ઠીક છે. પણ પેલા રામ કૃષ્ણ અને અરિષ્ટનેમિ કયાં છે? બધા વિશ્વને પૂજ્યએ અરિષ્ટનેમિ એક જ છે તે હું પણ જાણું છું." જરાસંઘે કહ્યું.

"આ શુકલ વર્ણીય અંધો જેના રથને જોડેલા છે. અને જે ધ્વજાયા વૃષભનું ચિન્હ છે. યુદ્ધ ભયંકર એ રથોત્તમ રથમાં અરિષ્ટનેમિ પોતે જબિરાજયા છે સમજા કે ને માટે જ યુદ્ધ કરવાને આવ્યા છે. સૈન્યની મધ્યમાં રહેતા ધેત અશ્વવાળા અને ગજેન્દ્રના ચિન્હવાળા કૃષ્ણ પોતે જ છે. તેમજ તેની દક્ષિણ બાજુએ અરિષ્ટ વર્ણીય ઘોડામાં અને તાલની ધ્વજાવાળા રોહિણીના પુત્ર બળરામ છે" એવી રીતે હંસકમંત્રીએ બીજા પણ ઘણા યાદવ મહારથી પુરૂષોની ઓળખાણ જરાસંઘને કરાવી. હંસકમંત્રીના વચન સાંભળીને ક્રોધથી ધનુષ્યનું આ ફાલન કરતા અતિરથી વીર મગધપતિએ પોતાનો રથ રામકૃષ્ણની સાથે ચલાવ્યો. ને જરાસંઘનો યુવરાજ પુત્ર યવન ક્રોધ કરીને વસુદેવના પુત્ર અકુર વગેરેને મારવાને દોડી આવ્યો સિંહાની સાથે અષ્ટાપદની જેમ તે મહાબાહુ યવને તેમની સાથે સહાર કાઢી એવું ભયંકર યુદ્ધ કર્યું પણ રામના અનુજમા છે સારણે અમૃત બળથી તેને રૂધી લીધું પછી જાણે મલયગિરિ હોય તેમ મલય નામના હાથી વડે યવને યાડો નહિ સારણનો રથ ભાગી નાખ્યો. તે વખત સારણે ક્રોધથી અધર કરાવી વૃક્ષમાં ફળની જેમ ખડ્ગથી યવની મસ્તક છેદી નાખ્યો.

તેનો હાથ સામે ધસી આવ્યો તેના પણ દાંત અને સુંઢ છેદી નાખ્યા જેથી વર્ષાઋતુમાં મયુરની જેમ કૃષ્ણનું સૈન્ય નાચવા લાગ્યું.

પોતાના પુત્રનો વધ થયેલો જોઇને ક્રોધથી અધર કંપાવતો મહા ભૂજ જરા સંઘ એકાએક તેજ ગવામાં ધસી આવ્યો. અને મૃગલાને જેમ કેનેરી હણે તેમ યાદવોને એક પછી એક કુટવા માંડયા. સૈન્યના અગ્રભાગે રહેલા આનંદ. શત્રુદમન. નંદન, ધ્રુવ દેવાનંદ. મારૂદત્ત, પીડ, હરિષણ, અને બળરામના દશ પુત્રોને યજ્ઞમાં બકરાની જેમ મારી નાખ્યા. તે સમયે કૃતાંત યમરાજ સમા મગધેશ્વરના મારને સહન નહી કરનારી કૃષ્ણની હાંસી કરી "અરે કૃષ્ણ ? આ કાંઈ ગોકુળ નથી આ તો યુદ્ધનું મેદાન છે"

અરે સજન તું હમણાં ચાલ્યોની પછી આવજે હાલમાં હું રૂક્મિ સાથે યુદ્ધ કરૂં છું. જેથી તારી માતા કે મારી માસી તારા મરણનો શોક કરે નહિ "કૃષ્ણના આગ્રય" ણેદી વચનો સાંભળીને શિશુપાલને ખૂબ ક્રોધ ચડયો.

તરતજ શિશુ પાલે ધનુષ્યનું અસ્ફાલન કરીને કૃષ્ણ ઉપર તીક્ષ્ણ બાણ છોડવા માંડયા. જેથી મહાપરાક્રમી વીર કૃષ્ણે લીલા યાત્રમાં શિશુપાલનાં ધનુષ્ય કવચ અને રથ છેદી નાંખ્યા. ક્રોધથી ધરણીને ધ્રુનાવતો શિશુપાલ અગ્નિની પેઠે એણ ખેંચીને કૃષ્ણને મારવાને તેની સામે દોડયો તેથી જેમ તેમ બળડતા એ શિશુપાલના ખડ્ગ, મુકુટ અને મસ્તક હરિએ રમતમાં છેદી નાંખ્યા. [ક્રમશઃ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણ ભગવાન મહાવીર

લેખક :- વિજય ધર્મસૂરીશ્વરજી

દેવાનંદાની કુક્ષિમાંથી નિરાબાધ રીતે ગર્ભને લઇને બાજુમાં **ક્ષત્રિયકુંડ** નગરમાં **સિદ્ધાર્થ** ક્ષત્રિયની **ત્રિશલા** ક્ષત્રિયાણીની કુક્ષિમાં એ ગર્ભને સ્થાપન કરે છે, અને ત્રિશલાની કુક્ષિમાં ૮૨ દિવસનો પુત્રીરૂપ જે ગર્ભ છે તેને દેવાનંદાની કુક્ષિમાં સ્થાપન કરે છે. આ ગર્ભપરાવર્તનના પ્રસંગ વર્તમાન પ્રજા માટે આશ્ચર્ય ઉત્પન્ન કરાવે તેવો છે. કોઈ કોઈ વાર આવા પ્રસંગ માટે બુદ્ધિજીવી વર્ગને અશ્રદ્ધા પણ છે. પરંતુ ત્રિશલા અને દેવાનંદાનો જન્માન્તરનો ઋણાનુંબંધ તેમજ ભગવંત મહાવીર પ્રભુના આત્માનું તેવું કર્મ વિશેષ હોવાના કારણે દિવ્યશક્તિ દ્વારા આવા પ્રસંગો કદાચિત્ બને તો તેમાં કાંઇ આશ્ચર્ય કે અશ્રદ્ધા જેવું હોતું નથી. વલી જૈનોના સુપ્રસિદ્ધ શ્રુતકેવલી **શ્રી ભદ્રબાહુ** સ્વામી પ્રણીત કલ્પસૂત્ર જેવા મહાન અને શ્રદ્ધેય ગ્રંથમાં આ પ્રસંગ સવિસ્તરપણે વર્ણવેલ છે તો કેમ અશ્રદ્ધેય હોઈ શકે !

## માતા ત્રિશલા અને ભગવાન મહાવીરનો જન્મ

માતા દેવાનંદાની કુક્ષિમાંથી ભગવાન ત્રિશલા માતાની કુક્ષિમાં પધાર્યા, બાકીનો ગર્ભકાળ ત્યાં પૂર્ણ થયો. દેવાનંદા તેમજ ત્રિશલાની કુક્ષિમાં ભગવાન ગર્ભરૂપે જ્યારે પધાર્યા ત્યારે બન્ને માતાઓને ગજ, વૃષભ વગેરે ચૌદ મહાસ્વપ્નો આવ્યાં હતાં. તીર્થંકર અથવા ચક્રવર્તીની માતાને જ આવા ઉત્તમ સ્વપ્નો આવે છે એ સ્વપ્નશાસ્ત્રની મર્યાદા છે. ગર્ભમાં ત્રણ જગતના નાથ અને વિશ્વના ઉદ્ધારક તીર્થંકર પ્રભુનો આત્મા અવતરેલો હોવાથી સિદ્ધાર્થ ક્ષત્રિયને ત્યાં ધન, ધાન્ય, ઋદ્ધિ, સિદ્ધિ, સંપત્તિ અને સત્કાર સન્માનની દિન-પ્રતિદિન વૃદ્ધિ થાય છે. માતા પિતાના મનોમંદિરમાં અનેક ઉત્તમ મનોરથોની પરંપરા ચાલે છે. બરાબર ચૈત્ર સુદિ ત્રયોદશીની મધ્યરાત્રિએ માતા ત્રિશલા ભગવાન મહાવીર પ્રભુરૂપે પુત્રનો જન્મ આપે છે. જે અવસરે પ્રભુનો જન્મ થાય છે તે અવસરે બીજી માતાઓની માફક ત્રિશાલા માતાને જરા પણ પ્રસૂતિની વેદના થતી નથી. તેમજ જન્મ લેનાર ભગવંતને પણ જરાય શારીરિક પીડા થતી નથી. અન્ય સામાન્ય જીવોના જન્મ કરતાં અવતારી મહાપુરૂષોના જન્મની એ વિશેષતા હોવી જોઈએ ભગવાનનો જ્યારે જન્મ થાય છે ત્યારે સાતે ય ગ્રહો પોતાના કેન્દ્ર સ્થાનમાં હોય છે. સમગ્ર વિશ્વમાં એ ક્ષણે કોઈ અવર્ણનીય શાંતિનું વાતાવરણ વિદ્યમાન હોય છે અને દશેય દિશામાં બલ્કે સમગ્ર વિશ્વમાં ક્ષણભર અજવાળાં પથરાય છે. પરમાત્માનો જન્મ વિશ્વની શાંતિ માટે અને અનંતકાળના અજ્ઞાન અંધકારના નિવારણ માટે હોવાથી એમના જન્મ પ્રસંગે આ પરિસ્થિતિનું સર્જન થાય એ વાસ્તવિક છે.

[ક્રમશઃ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંત–વાણી

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

"જિન પદ નિજપદ એકતા ભેદ ભાવ નહીં કાંઈ,
લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાઈ"

શાસ્ત્રોમાં એમ કહેવામાં આવ્યું છે કે, "જિન પદ જેવું નિજ પદ છે;" જેવા ભગવાન સર્વજ્ઞદેવ તેવોજ આ આત્માનો સ્વભાવ છે આવા સ્વભાવને ઓળખ્યા વગર મોહ ટળે નહિ ને મોક્ષ આવિષ્કાર પામે નહિ

'ચેતન કો હૈ ઉપયોગ રૂપ, વિન મૂરતિ ચિન્મૂરતિ અનુપ' સમયસારમાં કુંદકુંદ સ્વામીએ કહ્યું છે કે 'હું એક શુદ્ધ સદા–અરૂપી, જ્ઞાન–દર્શન મય ખરે; સર્વજ્ઞજ્ઞાન વિષે સદા ઉપયોગ લક્ષણ જીવ છે' સમયસાર નાટકમાં પંડિત બનારસીદાસજી કહે છે કે 'ચેતન રૂપ અનુપ અમૂરત સિધ્ધ સમાન સદા પદમેરો.' આત્મસિદ્ધિમાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે, 'શુદ્ધ-બુદ્ધ–ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ' આમ સર્વજ્ઞ ભગવાને જોયેલું જીવનનું યથાર્થ સ્વરૂપ સંતો એ જાતે અનુભવીને શાસ્ત્રોમાં બતાવ્યું છે, તે પ્રમાણે' બરાબર ઓળખવું જોઈએ.

નવતત્ત્વોમાં ચેતન રૂપ જીવ, ચેતના વગરનાં પુદ્ગલ વગેરે પાંચ દ્રવ્યો અજીવ. મિથ્યાત્વ અને રાગ–દ્વેષના ભાવો–જેના વડે કર્મો આવે ને બંધાય તે આસ્રવ તથા બંધ સમ્યગ્દર્શન પૂર્વક શુદ્ધ આત્માનું ભાન અને તેમાં લીનતા વડે શુદ્ધતા થતાં નવાં કર્મો અટકે ને જુના વિલીન થય તે સંવર-નિર્જરા, અને સંપૂર્ણ સુખ રૂપ, તથા કર્મના સર્વથા અભાવરૂપ મોક્ષ છે. આ પ્રમાણે તત્ત્વોને ઓળવી ત્યારે મિથ્યાત્વ ટળે છે. જીવ પોતે કેવો છે તે જાણ્યા સિવાય પોતામાં કરશે કેવી રીતે? અજીવને અજીવ જાણ્યા વગર તેનાથી જુદો પડશે કેવી રીતે? દુઃખનું કારણ શું છે તેને જાણ્યા સિવાય તે તરફનો પ્રયત્ન કરશે કેવી રીતે? (તેને છોડશે કેવી રીતે?) અને મોક્ષ પૂર્ણ સુખ રૂપ છે તેને જાણ્યા વગર તે તરફનો પુરૂષાર્થ કઈ રીતે આચરશે?

આ રીતે સુખ અને તેનો ઉપાય તથા દુઃખ અને તેનાં કારણો તેનું જ્ઞાન કરવા માટે આ તત્ત્વો જાણવા આવશ્યક છે જો અજીવને જીવ માની લેવામાં આવે તો, ત્યાંથી ઉપયોગને પાછો કેમ વાળે? શુભ અશુભ બન્ને આશ્રવ હોવા છતાં તેને સંવર માની લેતો તેને છોડે ક્યાંથી? દેહની ક્રિયા પોતાની માનેતો, તેનાથી (અજીવથી) ભિન્નત કઈક રીતે અનુભવે? સમ્યગ્દર્શન પૂર્વકની શુદ્ધતા તે ખરો સંવર છે આત્માના જ્ઞાન વગર શુભ ભાવ કરી ને સ્વર્ગે ગયો, ત્યારે પણ અગૃહીત મિથ્યાત્વ ભેગુ લઈને ગયો એટલે ત્યાં પણ દુઃખીજ થયો. આત્માના ભાનવગર કયાંય સુખનો સ્વાદ આવે નહિ. ચેતનનું રૂપ તો ઉપયોગ એટલે જાણવું દેખવુ તે છે. શરીર તો અજીવ-જડરૂપી છે; તે કાંઈ જાણતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતમાં ભિન્ન ભિન્ન અનંતા જીવો છે, જીવ કરતાં અનંતગુણા પુદ્ગલો છે. અસંખ્ય કાળાણું દ્રવ્યો છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ એ પ્રત્યેક દ્રવ્યો છે. આ છ પ્રકારનાં દ્રવ્યોમાં જીવે સિવાયનાં પાંચે અજીવ છે; ને પુદ્ગલ સિવાયનાં પાંચે અમૂર્ત છે. જગતમાં આ છ એ પ્રકારનાં દ્રવ્યો સર્વજ્ઞદેવે સ્વતંત્ર જોયા છે. તેને સ્વતંત્ર ન માનતાં પરાધીન માનવા તે, તત્ત્વ શ્રદ્ધામાં વિપરીતતા છે. છ દ્રવ્યો રૂપ જે વિશ્વ તેનો કોઈ કર્તા-હર્તા કે ધર્તા નથી (ધર્તા-ધારણ કરનાર).

સમ્યગ્દર્શન વગર સમ્યગ્જ્ઞાન કે સમ્યક ચારિત્ર હોતાં નથી, સમ્યગ્દર્શન વગરની શુભ ક્રિયાઓ કાંઈ કામિયાબ નીવડતી નથી પોતે પોતાને ન જાણે દેખે એને ધર્મ કેવો? સમ્યકત્વરૂપી ધર્મની ચક્ષુઓ તેની ખુલીજ નથી. જીવ અને અજીવ એ બે મૂળ તત્ત્વો છે, ને બાકીનાં તત્ત્વો તે તેની અશુદ્ધ કે શુદ્ધ પર્યાય છે.

હું કોઈ છું ને મારૂં સાચું સ્વરૂપ શું છે? તેનો જીવે સાચો વિચાર પણ કદી કર્યો નથી. ચારગતિનાં ભયંકર દુઃખોથી જેને છટવું છે, તેને વિચાર કરીને ઉપયોગ સ્વરૂપ આત્મા હું છું એમ નિશ્ચય કરવો જોઈએ. શાસ્ત્રકારોએ કરૂણા કરીને તે સ્વરૂપ સમજાવ્યું છે.

આત્મા એવો ચિંતા મણિ ચૈતન્ય રત્ન છે કે, જેને લક્ષમાં લઈને ચિંતવતાં સમ્યગ્દર્શન વગેરે રત્નોની પ્રાપ્તિ થાય છે વિશ્વ એવા ચૈતન્ય રત્નને પામો. સિદ્ધ ભગવંતોને પરમ ઉત્કૃષ્ટ સુખ છે, તે સુખ શેનું? કે પોતાના આત્મ સ્વભાવનું.

'બહિરાતમ તજી અંતર આતમા
રૂપ થઈ થિર ભાવ સુજ્ઞાની,
પરમાતમનું હો આતમ ભવવું'

## મૃત્યુ

માનવ જીવનમાં મૃત્યુનો પ્રસંગ સૌથી ગભીર અને શોક જનક પ્રસંગ છે. કારણ કે આપ્ત જનો અને મિત્રો સાથે નો મરનારનો સંબંધ પુરો થાય છે અને તેને પછી સદેહે જોઇ શકાતો નથી. દેહથી જુદો પડેલો આત્મા પોતાના કર્મ અનુસાર બીજો ધારણ કરે છે, અને માનવ જીવનમાં આત્મા એ જે શુભા અશુભ કર્મો બાંધેલા છે તે મુજબ તેના સંસ્કાર બીજા ભવમાં ઉદયમાં આવે છે. અને સારા સંસ્કાર પામેલો આત્મા ઉત્તરો ઉતર દરેક ભવમાં પ્રગતિ કરે છે. અને અંતે મોક્ષ સુખને પામે છે.

બળવંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભ. મ. સ્વામીનું જન્મ કલ્યાણ અને તેમના સિદ્ધાન્તો

લેખક : પં. પૂર્ણાનન્દવિજય (કુમારશ્રમણ)

(૧) જ્ઞાનની ચરમ સીમા તે કેવળજ્ઞાન.

(૨) જેમાં સંસારના સંપૂર્ણ દ્રવ્યો અસલી રૂપે જણાય તે કેવળજ્ઞાન.

(૩) જેમાં જન્મ અને મરણના મૂળ કારણો નાશ પામે તે કેવળજ્ઞાન.

(૪) ઈશ્વરીયાતત્વનું મૌલિક કારણ તે કેવળજ્ઞાન.

(૫) આત્માની અનંત શક્તિઓનો ઉદ્ઘાટન તે કેવળજ્ઞાન.

આ પ્રમાણે કેવળજ્ઞાની બનેલા માટે જ દેવાધિદેવ, તીર્થંકર, સર્વજ્ઞ-સર્વદર્શી પરમાત્મા શ્રી મહાવીર સ્વામી માનવમાત્ર ઉદ્ધાર માટે અહિંસા-અનેકાંત અને સંયમનો ઉપદેશ કરે છે, તે આ પ્રમાણે :—

જયાં જ્યાં ચેતના-જ્ઞાનશક્તિ દેખાય છે તે જીવ છે. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુની ચેતના અપ્રત્યક્ષ રૂપે પણ આપણે સૌને મા૮ અનુભગમ્ય છે. જ્યારે વનસ્પતિ કીડી, મકોડી, માકણ, જુ, સર્પ, ઉંદર ચકલી વાઘ, વરૂ, હરણ, બકરો, ઘેટો, ગાય, પાડો, અને કુંકડા આદિમાં ચેતના સ્પષ્ટ દેખાય છે, અને માનવ સમાજને માટે તે સર્વથા નિરપરાધી છે, આવા બિન-ગુનેગાર જીવને મારવા, બીજાઓ પાસે મરાવવા અને મારનારને સહાયક થવું-તે હિંસા છે, કેમકે- જીવમાત્ર જીવાના ઈચ્છાવાલો હોય છે. મરવાનું કોઈને પસન્દ નથી માટેજ ભગવાને કહ્યું કે જીવવધ પાપ છે. અને જીવદયા ઉત્તમ ધર્મ છે. ઉપર્યુક્ત જીવોનો વધ જે દેશમાં થતો હોય છે. તેની આબાદી અને આઝાદી ટકતી નથી ફળ સ્વરૂપે માનવની સાથે આઝાદી પણ મરવારી પડે છે.

ઘણી શતાબ્દીઓ પછી અને બધી રીતે લુંટાઈ ગયા વછી પરાધીનતાની બેડીમાંથી સ્વાધીનતાને પ્રાપ્ત થયેલા ભારતદેશની આઝાદી અને આબાદીને ભયંકરમાં ભયંકર ફટકો જીવહિંસાના પાપથી લાગ્યો છે અમર્યાદિત હુંડીયામણના પાપે ભારત દેશે સર્વથા નિરપરાધી નિરૂપદ્રવી મૂક પ્રાણીઓ, પંખીઓ, જળચર જીવોનો ઘાત કરવામાં કયાંય પણ કચ્ચાસ રાખી નથી જીવઘાતથી ઉત્પન્ન થયેલું લોહી, ચામડું, દાંત નખ, પગ અને રોમ આદિનો નિકાસ કરીને મેળવેલું દ્રવ્ય ભારતના નાયકોને એકમતે અને સંપીલા રહિવા દીધા નથી. પરિણામે પરદેશમાંથી આવેલું અઢળક ધન દેશના નાયકો-અધિનાયકો અને સત્તાધારીઓની તીજોરીયોને મજબુત કરાવવામાં કામે લાગ્યું. અને દેશ ગરીબનો ગરીબ રહ્યો. ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું કે જીવહિંસાથી પ્રાપ્ત થયેલું દ્રવ્ય પાપ છે મહાપાપ છે.

[ક્રમશઃ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્પુર સૌરભ

(હપ્તો ૪ જો ચાલુ) પ્રસરાવનાર – **અમરચંદ માવજી શાહ**

૪૩ જ્ઞાન આત્માનો મુખ્ય ગુણ છે, તે આત્મ સ્વરૂપ છે. તેના દ્રઢ અભ્યાસથી તે ખરા રૂપમાં પ્રકાશે છે; તેથી મોહ અજ્ઞાન નાશ પામે છે અને દુઃખ ભ્રન્તિ રચી જઈ ખરૂં સુખ પ્રગટે છે.

૪૪ ભાગ્યથી અધિક કોઇ કાંઈ પામી શકતું નથી, ગમે તેવા દાતારનો યોગ મળે, અને દાત લેનારને ગમે તેટલી ગરજ હોય તે વિચક્ષણ હોય છતાં ભાગ્યથી અધિક મળી શકતું નથી. જુઓ રાત દિવસ વરસાદ વરસે પણ ખાખરાને ત્રણ પાંદડાજ રહેવા પામે છે.

૪૫ દેહ, દ્રવ્ય તથા કુટુંબ વિષે સહુ સંસારી જીવોને રતિ-પ્રીતી હોય છે, પરંતુ મોક્ષા ભિલાષી જનોને તો જિનેશ્વર પ્રભુ જિનમત તથા શ્રી સંઘ ઉપર જ સાચો પ્રેમ રાગ હોય છે પ્રમાદ યોગે સ્વચ્છંદ પણે ઇન્દ્રિયોના વિષમાં સેવવાથી જ જીવ સંસારમાં ભટકે છે.

૪૬ સમ્યગ જ્ઞાનયોગે સારો વ્રત નિયમ અંગીકાર કરસે પાળવા. નવકાર મહામંત્રની બને તેટલી આરાધના કરવી ન્યાય નિતીના માર્ગે રૂચિ પ્રીતિ ધરાવી એક નિષ્ઠા–આકરા પ્રમાણિકના જાળવવી. એ ગુણોથી વિમુષિત જીવની સુખે સદ્ગતિ થવા પામે છે. એમ સમજી એ દિશામાં બને તેટલો પ્રયત્ન કરવો.

૪૭ સંપૂર્ણ રાગ દ્વેષના ક્ષય વિના સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રગટે નહીં એવો નિશ્ચય શ્રી જિનેશ્વરે કહ્યો છે તે ખરે વેદાન્તાદિ કરતાં બળવાન પ્રમાણ ભૂત છે.

૪૮ વિચારવાનને દેહ છુટવા સંબંધી હર્ષ કે ખેદ કરવો ઘટે નહીં, આત્મ પરિણામ વિઘટે રાગ દ્વેષથી ભવિનતા પામે તે જ હાનિ અને તેજ ભાવચરણ છે. સ્વભાવ સન્મુખ તથા તેથી દ્રઢ ઇચ્છા પણ હર્ષ-ખેદને હાલે છે.

૪૯ આ સંસારરૂપ કારાગૃહમાં થતા અનેક પ્રકારના કર્મ બંધનથી જેનું મન ઉદ્વિગ્ન બન્યું છે, વિરકત વૈરાગ્ય વાસિત થયું છે, અર્થાત આ શંસાર બંધનથી હું શી રીતે છુટીશ ? એવી આત્મ વિચારણા અહો નિશ કરતો રહે છે, તે નિકટ ભવી જીવ જાણવો.

૫૦ તત્વજ્ઞાનનો અભ્યાસ કરવો, મમત્વનો ત્યાગ કરવો અને પરિગ્રહને પાપનું મુળ સમજી તેના પરનો રાગ ઘટાડવો. તેમાં સાક્ષી ભાવે રહેવું. પરમાત્મ ભાવ પમાપ એવો અભેદ સ્વરૂપનુ ચિંતન કરવુ અને તેમાં સ્થિર થવા દ્રઢ પ્રયત્ન કરવો. [ક્રમશઃ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્યના સર્વોત્તિમ ગ્રન્થો

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા

આજે કેટલાક સમયથી હું કવિવર કાળીદાસ કૃત અભિજ્ઞાન શાકુન્તલના ચતુર્થ અંક ગત ૧૮ મું અને 'शुश्रूषस्व गुरुन्' થી શરૂ થતું સંપૂર્ણ પદ્ય મારા નિમ્નલિખિત લેખમાં રજુ કરવા ઈચ્છતો હતો.

"સાસરે જતી પુત્રીને શિખામણ"

આ લેખ તો એ પદ્યને પુરું આપ્યા વિના મેં 'અર્પણ'ના તંત્રીજી ઉપર મોકલાવી દીધો હતો ત્યાર બાદ હમણાં શ્રી અમૃતલાલ કાળીદાસ દોશીને મેં એ વાત કરી ત્યારે એમણે મને **અભિજ્ઞાન શાકુન્તલનું** એચ. આર કાલે એ સંપાદિત કરેલું અને સને **૧૯૩૪**માં સાતમી આવૃત્તિ તરીકે પ્રસિદ્ધ કરાવેલું પુસ્તક મોકલી આપ્યું. એ જોતાં મારી નજર એમાં પ્રકાશિત કરાયેલા પ્રથમ આવૃત્તિમાંના ઉદ્ધરણ ઉપર પડી. એમાં આ નાટકનો સર જોન લ્યુ બોક (Lubbok, હવે લોક એવે ખરી એ કૃત) નિમ્નલિખિત પુસ્તકનો ઉલ્લેખ કર્યાનું કહ્યું છે :—

"Hunrded Best Borlcs of the World"

આ પુસ્તક અધાપિ મારા જોવામાં આવ્યું નથી છતાં મને એમ લાગે છે કે એમાં કોઈ પણ **જૈન** ગ્રન્થની નોંધ પ્રાયઃ નહિ હશે એ ગમે તે હો પરંતુ એ ઉપરથી મને ઉપર્યુંકત લેખ લખવાની પ્રેરણા મળી છે અને **એને** લઈને જેવો તેવો પણ આ લેખ લખવા હું પ્રવૃત્ત થયો છું

૧ આ લેખ 'અર્પણ' (વ. ૧, અં-૫) માં છપાયો છે

**જૈન** સાહિત્યમાં મારા અભ્યાસના-અવલોકનના શ્રી ગણેશાનો સને ૧૯૨૧ના અરસામાં મંડાયા અને આજ દિને સુધી એ દિશામાં મારો પ્રયાસ ચાલુ છે. એ ઉપરથી મને આ સાહિત્યની વિશાળતા, વિવિધતા અને વહેણ્યતાનો કંઈક ખ્યાલ આવ્યો છે. એ એક મહાસાગરના એક બિન્દુ એટલો પણ નથી છતાં જૈન સાહિત્યના સર્વોત્તિમ ગ્રન્થો વિષે વિશેષ જાણવામાં મળે એ ઈરાદે મે આ લેખ લખવો ઉચિત માન્યો છે.

**જૈન** સાહિત્ય પૂરેપૂરું સચવાઈ રહ્યું નથી અને જે મે મોજુદ **છે** તે બધું પ્રકાશિત તો શું પણ એની પૂરેપૂરી સૂચી પણ અદ્યાપિ પ્રસિદ્દ થઈ નથી. આથી મારા અલ્પ સ્વલ્પ અધ્યયન દ્વારા મને જે ભાસ થયો છે તે હું અત્ર લિપિબદ્ધ કરું છું. મેં બહુજ થોડા ગ્રન્થોનો વિશિષ્ટ અભ્યાસ કર્યો છે. બાકી પ્રસંગોપાત્ત મારા જોવા જાણવામાં અને વિચારવામાં તો ઘણા ગ્રન્થો આવ્યા છે. એનું સૂચન મેં મારા જૈન સાહિત્યને અંગેનાં મારાં નીચે મુજબનાં પુસ્તકોમાં સમય અને સાધન અનુસાર કર્યું છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ A History of the Cononical Literature of the Jainas.
૨ આગમોનું દિગ્દર્શન.
૩ પાઈય ( પ્રાકૃત ) ભાષાઓ અને સાહિત્ય.
૪ સૌજ સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ (ભા ૧-૩)
૫ जैन साहित्य का बृहद् इतिहास भा. ५, ओगमिक.

૧ આ મારા મુળ ગુજરાતી વખાણનો હિન્દી અનુવાદ છે.

: Deriription Caralogue of the government Collechtins of Manwseribts (Nots XVII-XIX)

જૈન સાહિત્યમાં આગમો અગ્ર સ્થાન ભોગવે છે. એમાં વિશેષ પ્રાચીનતાની દૃષ્ટિએ **આચાર** ( પ્રથમ શ્રુતસ્કન્ધ ), **સૂયગડ** અને **ઉત્તરજ્ઝયણ** ગણાવાય છે જૈન આચાર અને પણ શ્રમણ-શ્રમણી માટેના આચારનો તેમજ અદ્ધમાગહી (અર્ધ માગધી)ના એક પ્રાચીન તમ નમૂના તરીકે એનો પ્રથમ શ્રુતસ્કન્ધ સલેત્તિય છે એવો અન્ય આગળ પરંતુ એના પછી રચાયેલ દસબેયાલિય છે, શ્રાવકો અને શ્રાવિકોની ચર્ચાનો બોધ કરાવનાર તરીકે ઉવાસગદસા મહત્ત્વનો આગળ છે. એનાજ આધારે વન્દિતુસુત્ત જેવામાં અનિચારોનું નિરપણ છે.

એક પ્રધાન ગ્રન્થોમાં ઠાણ અને સમવાય શ્રેષ્ઠ છે અને આ બાબતમાં ભાગ્યે કોઈ . નોંધપાત્ર ઉમેરો થયાનું જણાય છે.

કથાત્સમક સાહિત્યનું મંડાણ ઉપલબ્ધ ગ્રન્થોમાં નાયાધમ્મકહાથી થયું છે.

પ્રાયશ્ચિત્તો અને અપવાદો માટે નિસીહ. કાય અને વનહારને જેવા છેદ સૂત્રોનો ઉલ્લેખ હું કહું છું

૧ આ વીસેક ભાગમાં પ્રકાશિત થનાર છે તેમાં નવ ભાગ ૧૯૩૫ થી ૧૯૬૫ ના ગાળામાં પ્રસિદ્ધ થયા છે અને દસમો ભાગ પ્રકાશિત થવાની તૈયારીમાં છે.

## ખાસ નોંધ

(૧) અષ્ટાંગનીમીના (૨) અને વર્ષ પ્રબોધ હાલ આ બે પુસ્તકો અપ્રાપ્ય હોયને આ માટે ઘણા જ પત્રો આવે છે. આ બે પુસ્તકો જ્યારે પ્રસિદ્ધ થશે ત્યારે અમો અમારા માસીકમાં જાહેરાત આપી જાણ કરીશું તે નોંધ લેશો.

લી જૈન ધર્મ પ્ર. સભા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સતા અને જૈન સતીઓ

લેખક-સ્વ. વકીલ ડાયાભાઇ મોતીચંદ

જૈન સતા અને જૈન સતીઓના જૈનોમાં ઘણા સતા એટલે સત્પુરૂષો અને ઘણી સતીઓ એટલે સત્સ્રીઓ થઈ ગયા છે સતા એટલે સપુરૂષો અને સતીઓ એટલે સત્સ્ત્રીઓ એવા સાધારણ અર્થો થાય છે. જૈન તેમજ જૈનેતર ધર્મમાં સતાઓ કરતા સતીઓને બહુ મહત્વ આપવામાં આવ્યુ છે. તેનું માસ કારણ મારા જેવાને તો બહુ સમજમાં ઉતરતું નથી બ્રહ્મચર્ય અથવા મૈથુન ત્યાગ દરેક પુરૂષ માટે અને સ્રી માટે પ્રતિપાદન કરવામાં આવ્યા છે અને એક પત્નીવ્રત પણ માટે જરૂરી છે તેના પાલન વગર આ સંસાર સુખી અને આ બાદ બની શકતો નથી. એ વ્રતો પાલન વગર આ સંસારમાં દરેક નાના મોટા ગ્રહોમાં કજીઆ કંકાસ અને વિખવાદો જોવામાં આવે છે અને આ કલિયુગમાં અને આ ચાલતા જમાનામાં એવા વિખવાદો વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે અને તેમે લીધી છુટાછેડા ફારગતીઓ અને આતરાઓ વિ વિશેષ પ્રમાણોમાં થવા લાગ્યા છે. અસલના જમાનામાં એવી છુટાછાટ ઊંચા જ્ઞાતિઓ તરફથી આપવામાં આવતી નહોતી તેથી સુખેદુખે પરિણિત યુગલ પોતાની જીંદગી યેનકેન પ્રકારેણ પૂરી કરતા હતા. આપઘાત અથવા છુટાછેડાના કવચિતજ દાખલા બનતા તેમાં હિંદુ ધર્મમાં અને હિંદુ કાયદાઓ ફારગની અને છુટાછેડાના કાયદાઓ અમલમાં આવ્યા ત્યારથી તો એ કાયદાઓનો લાભ હાલ તેને ચાલતે લેવામાં આવે છે. લગનના હકો ભોગવવાનું હુકમનામું તો પણ તેની કાયદા પ્રમાણે બજાવણી થઈ શકતી નથી અને ઝબરજસ્તીથી સ્રીને પકડીને બેલીશ્રિસાસરામાં સોંપી શકતા નથી આવા કાયદાઓનો ગેર લાભ લઇને પરિણિત યુગલ એક બીજાથી જુદા પડી શકે છે અને બીજુ લગ્ન કરી શકે છે એ વિષય અમે બંધ કરી આયણે મુળ વિષય ઉપર આવી એ જૈન શાસનમાં ભરહેસર બહુભવી સમીય સતા સતીઓની બીજી સમીપો અને ખાસ કરીને ઉદય રત્ન વિ. ની બનાવેલી છંદો વિ. સોલ સતીઓની સઝાય વિ માં (મુખ્યત્વ) જૈન સતા અને સતીઓના નામો આવે છે અને તેના ગુણગાનો તથા સ્તુતિઓ વિ કરે છે જૈનતરે માં પણ અનેક સતીઓ (સતાઓ કરતાં વિશેષ) થઈ ગયાના દાખલાઓ મોજુદ છે અને તેના ઉપર અનેક કથાઓ અને આખ્યાનો વિ. રચાપેલા આપણને જોવામાં આવે છે.

જૈનો અને જૈનેવર સતીઓમાં થયેલાં થોડા ઘણા ફેરફારો જોવામાં આવે છે. જૈન આચાર્યો વિ. એ જૈનેતર સતીઓના પણ યશોગાન અને ગુણગાનો ગાયા છે પરંતુ દીલગીરી સાથે લખવું પડે છે જૈનેતરોએ જૈન સતીઓના ગુણગાન વિ. તેના પ્રમાણમાં ગાયા નથી. ભ-હેસર બહુ બવાની અગત્યમાં એવો છપન સત્યાઓનાં અને પચાશ ઉપરાંત સતીઓના નામોમાં જૈનેતરોના ઘણા નામો જોવામાં આવે છે એના ઉપર આપણા કોઈ

For Private And Personal Use Only

સબ્દ સાથે (જેનું નામ મને અત્યારે યાદ નથી) વૃતિ અથવા સહેતા-ટીકા-સંસ્કૃત ભાતમાં કે માગધી ભાષાં લખી છે તેના ગુજરાતી ભાષાંતરો પણ થયા છે. એ ઉપરાંત સઝાય આમાના જુદા જુદા પુસ્તકોમાં જુદા જુદા આચાર્યો વિ ની બનાવેલી એવા સતાઓ અને સતીઓની જુદી જુદી સઝાયો રચી છે સતાઓ કરતાં સતીઓની સઝાયો વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે સતી સીતા સતી દમયંતી વિ જૈનેતર સતીઓની સઝાયમાં વિ જોવામાં આવે છે. જો હું ભુલતો નહિ હોય તો કૃષ્ણની પટ્ટરાણીઓશ્રી પણ ગણતરીઓ સતીઓમાં કરવામાં આવી છે. સતાઓમાં પણ ભરત-બાહુબલી વિ. જેવા રાજર્ષિઓનાં તથા શ્રાવકોમાં સુદર્શન શેઠ અને સાધુઓમાં સ્થુલીભદ્ર જેવા સાધુઓની અને સાધ્વીઓમાં સ્થુળીભદ્રની સાતે બહેનાની પણ ગણના કરવામાં આવી છે. એવા સતા સતીઓ ઉપર અત્યાર સતીમાં જુદા જુદા પુસ્તકો ખાસ કરીને ચરિત્રો અને રાસો પણ આપણા જોવામાં આવે છે. ચરિત્રો મુળ માગધીમાં પણ સંસ્કૃતમાં પછી ગુજરાતીમાં રચેલો લાગે છે. તેના ઉપરથી પાછળા ભાગમાં જૈન રાથો રૂપે રચનાઓ એવા સતા સતીઓની થયેલા આપણાં જોવામાં આવે છે. પુરૂષને બહુ પત્ની કરવાનો રીવાઝ રાજારજવાડાઓમાં અને અમુક ઉચ્ચ કહેવાતા કટુંબોમાં જોવામાં આવતો હતો. જ્યારે રમતઓને તો આશ્રમથીજ એક પ્રતિવ્રત પાળવાનો ઉપદેશ આપવામાં આવ્યો હતો. પરંતુ પાછળથી ઘાંચી જેવી જેવી કોમોએ પુનર્લગ્ન અને નામાની છુટ આપી હતી અને અત્યારે તો કાયદા પ્રમાણે પણ એક પતિ મરી ગયા પછી પુનર્લગ્ન કરી શકે છે. જમાનો જમાનાનું કામ કરે છે.


## —: મંગાવો :—

નીચે મુજબના પુસ્તકો નવા છપાયને આવી ગયા છે.

[૧] ધન્યકુમાર ચરિત્ર (પ્રત આકારે) કી રૂા. ૧૨-૦૦
[૨] શાંન્તીનાથ ચરિત્ર ,, કી રૂા. ૧૬-૦૦
[૩] પાર્શ્વનાથ ચરિત્ર ,, કી રૂા. ૬-૦૦

ગુજરાતી ભાષાંતર

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**

કાંટા વાળો ડેલો ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. Reg. B.V.-37

# અક્ષય તૃતિયા-વરસીતપના પારણા પ્રસંગે

## યુગાદિ આદિનાથ પારણા પ્રસંગ કાવ્ય

પધારો ! અજ આંગણીએ, આદિશ્વર ભગવંત જીરે
વધાવો ! મૌક્તિક થાળે, યુગાદિ જિનરાજ જીરે. પધારો... ટેક—૧

સાખી

નાભી થ ભ ના પૂ ત્રને, મારૂ દેવાના નંદ;
પૌત્રને આંગણે પારણા, થાય શ્રેયાંસ આનંદ.
આવો ! આવો ! દાદા ! પાવન થઇઆ આંગણારે પધારો—૨

પ્રથમ તિર્થંકર પ્રથમ જિન, પ્રથમ વિનિતા રાય;
લોક નિતી સૌ શીખવી, થયા મહા મુનિ રાય.
વન ! વન ! વિચરે દાદા ! સંયમ તપથી શોભતારે, પધારો—૩

ગોચથી માટે વિચરે, કામ કામ અણગાર;
હીરા માણેક મોતીથી, સ્વાગત કરે અપાર.
ડગર ! ડગર ! જુએ, ભદ્રિક જન સૌ ગામનારે પધારો—૪

બેર માસને તેર દીન, ઉપવાસી જિનરાજ,
ર સ્તી ના પુ ર આ વી યા; અક્ષય તૃતિયા આજ,
ફરતા ! ફરતા ! આવ્યા, ધર્મ લાભ આપતારે, પધારો—૫

ઈક્ષુ રસના ઘટક ત્યાં, ભરેલા એકસો આઠ,
શ્રેયાંસે વશેશ વીયા, ઉલ્લાસથી જિનરાજ,
વાગ્યા ! દેવ દુદુંભી ! પારણા થયા ભગવંતનારે, પધારો—૬

એ વરસીતપ આજ સૌ, કરતા અતિ ઉલ્લાસ;
ભવિ જીવો એ નથ નકી કરતા આત્મ પ્રકાશ
ભેટી સિદ્ધ ગિરી ને, કરતા તપસ્વી પારણારે પધારો—૭

મહા મંગળમય વરસીતપ, ભારત ભરમાં આજ
ઈક્ષુ રસથી પારણા, કહે તપસ્વી આજ.
અમરા અનુમોદન ને, અભિનંદન વરસાવતારે પધારો—૮

લેખક : અમરચંદ માવજી શાહ

પ્રકાશક : જયંતીલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ખારગેઈટ, ભાવનગર ફોન ; ૪૬૪૦

For Private And Personal Use Only